## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, કાગડા લઈ જાવ જમાડીને પાછા મુકી જાવ... કલાકનાં પાંચસો રૂપિયા...!



ગાંધીનગરમાં હળવા વરસાદી ઝાપટા ચાલુ રહ્યા છે. વારંવાર આવતા ઝાપટાના કારણે શહેરમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાઈ જાય છે. ઘણા સ્થળોએ કાદવ કિચડ પણ જોવા મળી રહ્યો છે. વારંવાર પડતા વરસાદના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં મનપાની ચૂંટણીને પગલે કાર્યાલયો પર રાત્રી બેઠકો શરૂ થઈ છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લા ભાજપે ચૂંટણી પ્રચારમાં કલોલ, દહેગામ, માણસાના આગેવાનોને મેદાનમાં ઉતાર્યા.
- મનપાની ચૂંટણીને લઈ કોંગ્રેસે પણ ૬૦ થી વધુ ધારાસભ્યો જુદા જુદા વોર્ડની જવાબદારી સોંપી છે.
- ગાંધીનગર તાલુકાની આદરજ મોટી બેઠકની પેટા ચૂંટણીની જવાબદારી ભાજપે આઈ.બી. વાઘેલાને સોંપી છે.
- રાજ્યના ૬ આઈ.એ.એસ. અધિકારીઓ ૨૮ મીથી ૬ ઓક્ટો. સુધી રજા પર જતા હોવાથી તેમનો ચાર્જ સનદી અધિકારીઓને સોંપવાના હુકમો સામાન્ય વહીવટ વિભાગે કર્યા છે.
- ગુજરાત રાજ્ય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક મંડળે આજે તેમના પ્રશ્નો અંગે રાજ્યના મુખ્યમંત્રીને આવેદન પત્ર આપ્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાં ૨૯મી સુધી વરસાદી માહોલ રહેવાનું હવામાન-પૂર્વાનુમાન છે.
- મનપાની ચૂંટણીને લઈ આજે તંત્રએ ૪ હજારથી પણ વધુ ઝંડી, પડદા, પોષ્ટર, બેનરો દૂર કર્યા છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૭૦૦ થી વધુ લોકો અને શહેરમાં ૧૦૦૦ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા હતા.
- ગાંધીનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના અંતર્ગત ૨૦૨૦-૨૧માં ૧૨૭૯ વિકસતી જાતિની કન્યાઓને સાયકલ વિતરણ કરવામાં આવ્યાનું ધારાસભ્ય શંભુજી ઠાકોરના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.




વોર્ડ નં. ૬ માં આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ ઉત્સાહભેર પ્રચાર કર્યો હતો. સેક્ટર-૧૫ના વિવિધ વિસ્તારમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારો વસાહતીઓને મળ્યા હતા અને આપને મત આપવા અનુરોધ કર્યો હતો.

# કેનાલમાં ડુબતા યુવકનો રીક્ષાચાલકે જીવ બચાવ્યો

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ઈન્દિરા બ્રીજ પાસે નર્મદા કેનાલમાં ન્હાવા પડેલા કોટેશ્વરના યુવકને લોડીંગ રીક્ષાના ચાલકે સમયસૂચકતા દાખવી દોરડું નાંખી યુવકને બચાવી લીધો હતો ત્યારે કેનાલમાંથી બહાર આવેલા યુવકે ગરમીને પગલે કેનાલમાં ન્હાવા પડયો હોવાનું નાગરિકો સમક્ષ બોલી રહ્યો હતો.

અમદાવાદથી ગાંધીનગર તરફ મા-દિકરી આવી રહ્યા હતા તે સમયે નર્મદા કેનાલ પાસે તેઓ માછલીઓને ખવડાવવા માટે ઉભા રહ્યા હતા તે સમયે કેનાલમાં નજર જતાં એક યુવક પાણીમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો જેથી બહેને અન્ય નાગરિકોને વાત કરતા કેનાલ ખાતે મોટી સંખ્યામાં નાગરિકો ભેગા થઈ ગયા હતા. યુવકને બચાવવા માટે ફાયર વિભાગને પણ કોલ કર્યો હતો. યુવક કેનાલમાંથી બહાર આવવા માટે હાથ પગ ચલાવી રહ્યો હતો તે સમયે એક રીક્ષા ચાલક ઉભો રહ્યો હતો. રીક્ષા ચાલકે યુવાને બચાવવા માટે રીક્ષામાં રહેલું લાંબું દોરડું કેનાલમાં નાંખ્યું હતું. આ દોરડું પકડી યુવક હેમખેમ બહાર આવી ગયો હતો. જયારે યુવકે બહાર આવી ગરમી લાગતા ન્હાવા પડયો હોવાનું જણાવતા હાજર સૌ કોઈ અચંબામાં પડી ગયા હતા જયારે ફાયર ટીમ પણ કેનાલ ખાતે પહોંચી જતાં તેણે પોતાનું નામ શંભુજી ઠાકોર (ઉ.વ. ૩૫ કોટેશ્વર ગામ) હોવાનું જણાવ્યું હતું.

## ગુજરાત સ્ટેટ કો.ઓ. કન્ઝ્યુમર્સ ફેડરેશનના ચેરમેન નરહરિ અમીન બિનહરીફ ચૂંટાયા

ગાંધીનગર, તા. ૨૮

ધી ગુજરાત સ્ટેટ કો ઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન લી.ની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટીંગમાં



સંસ્થાના ચેરમેન તરીકે નરહરિ અમીન અને વાઈસ ચેરમેન તરીકે પોપટલાલ શંકરલાલ પટેલ અઢી વર્ષ માટે બિન હરીફ ચૂંટાયા છે. જે વર્ષ ૨૦૦૦ થી સતત ચેરમેન તરીકે નરહરિ અમીન અને વાઈસ ચેરમેન તરીકે પોપટલાલ પટેલ બિનહરીફ ચૂંટાતા આવે છે.

# શહેરની સિવિલ હોસ્પિટલમાં ટેલી મેડીસીન સેવાનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૨૮

તા. ૨૯ સપ્ટેમ્બર બુધવારના રોજ વિશ્વ હૃદય દિવસ છે. ત્યારે ગાંધીનગર અને આસપાસના જિલ્લાના નાગરીકોને ગાંધીનગર સિવિલમાંથી ટેલી મેડીસીન સેવાનો લાભ મળશે. શહેરની સિવિલમાં હૃદય સંબંધિત ડોક્ટરો ન હોવાથી હૃદયરોગ અને સામાન્ય સારવાર માટે પણ દર્દીઓને અમદાવાદ યુ.એન. મહેતા હોસ્પિટલ સુધી લાંબા થવુ પડે છે. સિવિલમાં આઈસીયુ હોવાથી હૃદયરોગના દર્દીઓને દાખલ કરી સારવાર કરવામાં આવે છે પરંતુ ગંભિર સ્થિતિ ધરાવતા દર્દીઓને રીફર કરવામાં આવે છે. ત્યારે આવતીકાલે વર્લ્ડ હાર્ટ ડે નિમિત્તે ગાંધીનગર સિવિલમાંથી હૃદયરોગ સંબંધીત ટેલી મેડીસીન સેવાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ અંગે યુ.એન. મહેતા અને ગાંધીનગર સિવિલ વચ્ચે એમ.ઓ.યુ. પણ થઈ ગયા છે. બંને હોસ્પિટલના સહયોગથી ટેલી મેડીસીન સેવા શરૂ કરવામાં આવશે. જયારે આ અંગે વધુ માહિતી આપતા ડૉ. નિયતિ લાખાણી (સિવિલ સુપ્રિટેન્ડન્ટ)એ જણાવ્યુ હતુ કે ટેલી મેડીસીન સેવા માટે યુ.એન. મહેતા સંસ્થાના ડોક્ટર્સ અને ટેકનીકલ તજજ્ઞોની ટીમ આવીને ગાંધીનગર સિવિલની મુલાકાત લઈ ગઈ છે જ્યારે ટેલી મેડીસીન વિભાગ મેડીસીન ઓપીડીની નજીક પ્રથમ માળે રાખવામાં આવશે. ટેલી મેડીસીન મારફતે ગાંધીનગર બેઠેલા દર્દીઓનું નિદાન અમદાવાદ બેઠેલા નિષ્ણાંત તબિબો દ્વારા કરવામાં આવશે. આ સેવાના પ્રારંભથી ગાંધીનગર સહિત આસપાસના વિસ્તારમાં હૃદય સંબંધિત બિમારીથી પિડાતા દર્દીઓને લાભ મળશે.



વોર્ડ નં. ૬ માં પ્રચાર ઝુંબેશ જોરશોરથી ચાલી રહી છે. સૌથી જુની રાજકીય પાર્ટી કોંગ્રેસના ઉમેદવારો વોર્ડ નં. ૬ માં સમાવિષ્ઠ ગોકુલપુરામાં પ્રચાર કરી રહ્યા છે. વસાહતીઓ તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

# ગાંધીનગરની જનતા હજુ પણ કોંગ્રેસ સાથે : જયરાજસિંહ પરમાર

**મનપાની ચૂંટણીમાં કોંગ્રેસ બહુમતી સાથે સત્તા મેળવવાનો દાવો : શહેરને બાળોતિયાંથી માંડીને ખાંપણ સુધીની સુવિધા કોંગ્રેસે આપી છે : બબ્બેવાર જનાદેશનું અપમાન કરનારાઓને જનતા જાકારો આપશે : કોંગ્રેસ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની સ્થાપનાથી માંડીને ''બાળોતિયાંથી ખાંપણ સુધીની'' તમામ સુવિધાઓ કોંગ્રેસે પુરી પાડી હોવા ઉપરાંત મહાનગરપાલિકામાં બબ્બે વાર ગાંધીનગરવાસીઓને આપેલા જનાદેશનું અપમાન કરીને લોભ-લાલચ-ડરની રાજનીતિ કરનારાઓને આ વખતે જનતા સંપૂર્ણ જાકારો આપશે અને ગાંધીનગર મહાનગરપાલિકામાં ૨૮ થી ૩૦ બેઠકો સાથે સંપૂર્ણ બહુમતીથી કોંગ્રેસ સત્તા પર આવશે તેવો આત્મવિશ્વાસ કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા અને મનપાની ચૂંટણીઓ માટે નીમવામાં આવેલા કોંગ્રેસના પ્રભારી જયરાજસિંહ પરમારે ગાંધીનગર સમાચાર સાથેની ખાસ વાતચીતમાં વ્યક્ત કર્યો હતો.



જયરાજસિંહ પરમારે ગાંધીનગરને ''મીની ઈન્ડિયા'' ગણાવતા જણાવ્યું હતું કે કોંગ્રેસે ભુતકાળમાં જે કહ્યું છે તે કર્યુ છે, કોંગ્રેસના રાજમાં જાહેરાતનું શાસન નહીં પરંતુ જાહેર હિતનું શાસન હોય છે. આ વાતને ગાંધીનગરની જનતા તેના જનાદેશનું અપમાન કરનારાઓને બરાબર ઓળખી ગઈ છે જેથી તેને જાકારો આપશે. આ સાથે જયરાજસિંહે આ વખતે મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના મુખ્ય મુદ્દાઓ અંગે વાત કરતા જણાવ્યું હતું કે 'કોંગ્રેસ પાસે વહીવટનો વર્ષોનો અનુભવ છે. અમારા શાસનમાં મહાનગરપાલિકા માત્ર રાજ્ય સરકારની ગ્રાન્ટ પર નિર્ભર નહી રહે પરંતુ પોતાનું સ્વભંડોળ વિકસાવશે જેની જોગવાઈ દરેક ટેન્ડરના ચુકવણામાંથી કાપવામાં આવતા કન્ટીજન્સી ફંડમાંથી ફરજિયાતપણે કરવાની જ હોય છે. આ ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકાને અંશતઃ સત્તાને બદલે સંપૂર્ણ કોર્પોરેશનનો દરજ્જો મળે તે અમારી મુખ્ય માંગણી છે. અમે ગાંધીનગરને સાચા અર્થમાં આધુનિક નગર બનાવવા સાથે શહેરમાં પ્રાથમિક શાળાઓને આંતરરાષ્ટ્રિય કક્ષાની બનાવીશુ. શહેરમાં કરવેરાના માળખાની પુનઃ સમીક્ષા કરવા સાથે મનપામાં ભેળવાયેલા ૧૮ ગામોમાં જ્યાં સુધી પાયાની સુવિધા ના મળે ત્યાં સુધી તેમનો ટેક્ષ ઉઘરાવીશું નહીં. ગાંધીનગરને વાઈ-ફાઈ નગર બનાવવા ઉપરાંત કચરાના નિકાલ માટે માત્ર ડસ્ટબીન આપવા પુરતું નહી રાખી આધુનિક ઢબે નિકાલની પદ્ધતિ આંતરરાષ્ટ્રીય સ્તરની વિકસાવીશું. આ ઉપરાંત ગાંધીનગરમાં અગાઉ કોંગ્રેસે જ બનાવેલા માઈક્રો શોપીંગ સેન્ટરો, ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટરો, રંગમંચ, આરોગ્ય કેન્દ્રો, શાળાઓ અને સુવિધા કચેરીઓને સ્પેશિયલ બજેટ ફાળીને આધુનિક બનાવી ઉપયોગી બનાવીશું.

આ વખતે મનપાની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીની એન્ટ્રી અંગેના સવાલનો જવાબ આપતાં તેમણે કહ્યું હતું કે ''આપ પાર્ટી''નો જન્મ એક-બળાત્કારની ઘટનાને ઈવેન્ટ બનાવીને થયો છે, જ્યારે ચૂંટણી આવે ત્યારે આપ આવે છે અને ચૂંટણી જાય ત્યારે જતી રહે છે. માત્ર ભાજપને ફાયદો કરાવવાના એજન્ડા સાથે આવેલી આ આપ પાર્ટી અમારી હરિફ નથી કેમકે તેના તમામ ઉમેદવારો ડિપોઝિટ ગુમાવશે. ગાંધીનગરમાં મતદારોનું ગણિત સમજાવતા જયરાજસિંહે કહ્યું કે કોંગ્રેસ આ વખતની ચૂંટણીમાં ૨૮ થી ૩૦ બેઠકો સાથે જીતશે. અને આ વખતે અમે ફુલપ્રુફ ઉમેદવારો ઉભા રાખ્યાં છે, આ વખતે કોઈને નારાજગી નથી. ભાજપના વિકાસ કાર્યો અંગે તેમણે જણાવ્યું હતું કે ભાજપે બનાવેલું મહાત્મા મંદિર પોણા બે વર્ષથી ધૂળ ખાય છે અને ફાઈવસ્ટાર હોટેલમાં કોઈ સામાન્ય વ્યક્તિ જવાનો નથી. ભાજપે જે મહારાણા પ્રતાપની પ્રતિમાનો ઉલ્લેખ કર્યો છે તે મુકવા માટેની ચળવળ પણ પેથાપુરવાળા ગનીબાપુએ ચલાવી હતી અને તે પ્રતિમા માટે ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ અઢી લાખ રૂપિયા તેમજ ખાંભી માટે અમારા વોર્ડ નં. ૭ના ઉમેદવાર દેવેન્દ્રસિંહ ગોલે ખર્ચો આપ્યો છે. કોંગ્રેસે તો રાજ્યના તમામ સમાજો તેમજ પેટા જ્ઞાતિઓને ગાંધીનગરમાં સમાજવાડી બનાવવા જગ્યા ફાળવી છે એટલું જ નહી સરકારી કર્મચારીઓથી માંડીને પત્રકારો-મીડીયા હાઉસોને આવાસો તેમજ નિવૃત્તોને સસ્તા દરે પ્લોટ ઉપરાંત ઘર બનાવવા સસ્તા વ્યાજે લોન પણ કોંગ્રેસે જ આપી છે. આ સાથે જયરાજસિંહ પરમારે ગાંધીનગરના પ્રકૃતિ પ્રેમીઓને પણ વિશ્વાસ અપાવતા જણાવ્યું હતું કે કોંગ્રેસ સત્તામાં આવશે તો ગાંધીનગરને ફરી હરિયાળુ શહેર બનાવી વિશ્વના પ્રથમ ૧૦ હરિયાળા શહેરમાં સ્થાન અપાવવા વિશેષ પેકેજ ફાળવશે અને ખાસ યોજના અમલમાં મુકશે.

### કોંગ્રેસના મુખ્ય વચનો

- મનપાનું સ્વભંડોળ વિકસાવાશે
- મહાનગરપાલિકાને પૂર્ણ દરજ્જાની માંગ
- આંતરરાષ્ટ્રીય કક્ષાની પ્રાથમિક શાળાઓ
- નવા ગ્રામીણ વિસ્તારોમાં પહેલા પાયાની સુવિધા પછી જ ટેક્ષની વાત
- ગાંધીનગરને વાઈ-ફાઈ નગર બનાવાશે
- કચરાના નિકાલ માટે આધુનિક ટેકનોલોજી
- માઈક્રો શોપીંગ, રંગમંચ, આરોગ્ય કેન્દ્રો, સુવિધા કચેરીઓને અત્યાધુનિક બનાવાશે.
- ફરી હરિયાળા શહેરના દરજ્જા માટે વિશેષ પેકેજ સાથે ખાસ યોજના

### અક્ષરધામથી અયપ્પા મંદિર અને પંચદેવથી ત્રિમંદિર કોંગ્રેસ રાજની દેન

કોંગ્રેસે શહેરમાં તમામ સમાજ-જ્ઞાતિ માટે જગ્યા ફાળવી હોવાના દાવા સાથે જયરાજસિંહ પરમારે જણાવ્યુ હતુ કે કોંગ્રેસના રાજમાં જ ગાંધીનગરમાં અક્ષરધામથી માંડીને અયપ્પા મંદિર, પંચદેવથી માંડીને ત્રિમંદિરનું નિર્માણ થયુ છે જ્યારે ભાજપે ગાંધીનગરમાં ૩૫૦ મંદિરો તોડ્યા હતા. સેક્ટર-૨૮નું ખોડિયાર મંદિર જે પાટનગર પહેલાનું અસ્તિત્વ ધરાવતુ હતુ તેને પણ ભાજપે તોડી નાંખ્યુ છે.

## સાદરા સંકુલની વિદ્યાર્થીનીઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે

ગાંધીનગર, તા.૨૮

આઝાદીના અમૃત મહોત્સવ ઉજવણી પ્રસંગે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની




૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે ઝવેરચંદ મેઘાણીનાં ગીતોની સ્પર્ધામાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ વિજેતા મેઘા પટેલ અને દ્વિતીય વિજેતા ગીતા દેસાઈ રાજય કક્ષાની ગીત સ્પર્ધામાં ભાગ લેશે. આ બંને વિજેતાઓને સંકુલના સંયોજક રમેશભાઈ પટેલ અને ડૉ. ગાયત્રી દત્ત મહેતાએ પ્રોત્સાહક ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ.મોતી દેવુંએ કર્યું હતું.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા.૨૮

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય કરવામાં આવ્યું



હતું. જેમાં જરૂરિયાતમંદોને ૩ કિલો ચોખા, બિસ્કીટ, બલ્બ, એક કિલો મીઠું, દૂધીનું બિયારણનું વિતરણ કરવામાં આવ્યું હતું. જે ભિલોડાના ગામોમાં જરૂરિયાતમંદો માટે સેવાકાર્ય કર્યું હતું.



પ્રચાર ઝુંબેશ કે પ્રચાર યુદ્ધ... ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે પ્રચાર ઝુંબેશ તેની ચરમસીમાએ પહોંચી છે. જ્યાં જુઓ ત્યાં ઉમેદવારોના અને વિવિધ રાજકીય પાર્ટીના બેનર જોવા મળી રહ્યા છે. ત્રણેય મોટી રાજકીય પાર્ટીના બેનર જાહેર સ્થળોએ જોવા મળી રહ્યા છે. મતદારોને રીઝવવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે.



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનો મહાજંગ જામ્યો છે. ઉમેદવારો એડી ચોટીનું જોર લગાવી મહાનગરના જંગમાં જીતનો અવસર મેળવવા થનગની રહ્યા છે. વોર્ડ નં. ૩ માં ભાજપના ઉમેદવારોએ ડોર ટુ ડોર ચૂંટણી પ્રચાર કરી મતદારોને આકર્ષવાનો પ્રયાસ કર્યો છે. સેક્ટર-૨૪ છાપરા અને શિવમ ફ્લેટ વિસ્તારમાં ભાજપના ઉમેદવારોએ આક્રમક પ્રચાર કર્યો હતો.

# ગાંધીનગર સ્થિત અરવલ્લીવાસીઓનું 'ફ્રેન્ડ ઓફ અરવલ્લી' નવું જૂથ બનાવ્યું

ગાંધીનગર, તા. ૨૮

અરવલ્લી જિલ્લાનો વિકાસ ઝડપથી થાય તે માટે ચિંતન કરવામાં આવે એ વિચારથી તાજેતરમાં અમદાવાદ ખાતે ફ્રેન્ડ ઓફ અરવલ્લી નામે એક નવું જૂથ બનાવવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લાના મૂળ વતનીઓ દેશ-વિદેશમાં અન્ય રાજ્યોમાં અને ગુજરાતમાં ઠેર ઠેર વસ્યા છે. જેમાં ઘણા સનદી અધિકારીઓ પણ છે. આ સૌનું એક ફોરમ બને અને અરવલ્લી જિલ્લાનો વિકાસ ઝડપથી થાય તે માટે નવું જૂથ બનાવ્યુ છે. ઉપરાંત આ બેઠકમાં વિવિધ વિચારો રજૂ કર્યા હતા. જેમ કે બાળકોને ત્રણ વર્ષ માટે ટેકો કરીએ, એરપોર્ટની સુવિધા, વિશ્વ કક્ષાનું રમતગમત માટેનું તાલીમ કેન્દ્ર, મહિલા સશક્તિકરણનું કામ, સુંદર જળ વ્યવસ્થાપ નથી, બીજો પાક લેવાની ઝુંબેશ, જિલ્લાને પ્રદૂષણ મુક્ત કરવા માટે ઈલેક્ટ્રીક વાહનો દોડાવવા, વગેરે બાબતોની ચર્ચા કરી હતી. આ માટે અન્ય રાજ્ય અને વિદેશમાં રહેતા મહાનુભાવોને વતન પ્રેમ હોય તેઓ જરૂરી સુવિધાઓ પૂરી કરવામાં મદદ કરે તેવો આ નવા જૂથનો હેતુ રહેશે. તથા નિષ્ણાંત ડોકટરો થકી જુદા જુદા કેમ્પ યોજાશે. આ બેઠકનું આયોજન બિપિન ભટ્ટ, વિજય શાહ, ગાબટે કર્યુ હતુ.